Divyabhaskar

February 22, 2018
Pg.4

EDII

# ઈડીઆઈઆઈ ખાતે 23 અને 24 ફેબ્રુ.એ નેશનલ યુથ કોન્ફરન્સનું આયોજન

**અમદાવાદ :** ઉદ્યોગસાહસિકતાના શિક્ષણ, તાલીમ અને સંસ્થા નિર્માણ માટે જાણીતી સંસ્થાન આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) અને મેનેજમેન્ટ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા સંયુક્તરીતે 23 અને 24 ફેબ્રુઆરીના રોજ ઈડીઆઈઆઈ કેમ્પસમાં 9મી નેશનલ યુથ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રિસર્જન્ટ ઈન્ડિયા (ભારતના પુનર્જાગરણ) ના સંદર્ભમાં સ્વામી વિવેકાનંદ દ્વારા વ્યક્ત ફિલોસોફી પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં આવનારા યુવાનો માટે ત્રણ વર્કશોપ, રચનાત્મકતા, સંઘર્ષનું વ્યવસ્થાપન અને સમાધાન : પંચતંત્રમાંથી બોધપાઠ, પ્રેરણા અને નેતૃત્વ તથા આધ્યાત્મિક બૌદ્ધકતા પર યોજાશે.